**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૩/૧૧/૨૦૧૭ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૩૪૮/૧૭**

# મર્ડરના ગુન્હામાં અમદાવાદ મધ્યસ્થ જેલમાં આજીવન કેદની સજા કાપી રહેલ ફરારી કેદી નરેશ ગનાભાઇ સોલંકીને પકડી પાકડી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ.

રાજ્યની જુદીજુદી જેલોમાં સજા કાપી રહેલ કાચા/પાકા કામના કેદીઓ પેરોલ/ફર્લો/વચગાળાના જામીન પર છુટ્યા બાદ સમયસર જેલમાં હાજર થતા ન હોય અને નાસતા ફરતા રહેતા હોય આવા ફરારી કેદીઓને પકડી પાડવા સારૂં સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમબ્રાન્ચ, નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમબ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ અવાર નવાર સુચના આપેલ હોય જે સુચના આધારે એડીશનલ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ નાઓના માર્ગદર્શન હેઠળ ઓટો પેસેન્જર ચોરી/લુંટ અને ગ્લાસ બ્રેકીંગ થેફ્ટ સ્કોડના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી આર.એસ.સુવેરા તથા પો.સ.ઈ.શ્રી ડી.બી.વાળા તથા પો.સ.ઇ શ્રી વાય.એમ.ગોહીલ નાઓની ટીમના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સ્ટાફના હે.કો.મહેન્દ્રસિંહ ગુલાબસિંહ તથા પો.કો.રાજેન્દ્રસિંહ વિક્રમસિંહ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે મર્ડરના ગુનામાં આજીવન કેદની સજા ભોગવી રહેલ અને ફર્લો જમ્પ કેદી નરેશ ગનાભાઇ સોલંકી(મારવાડી) રહે.જુનાવાડજ રામાપીરનો ટેકરો ચંદ્રમુખી સોસાયટી સામે જહુમાની ચાલી અમદાવાદ હાલ રહે.નહેરૂનગર મીરાબેનના મકાનમાં ખોડીયાર માતાના મંદિર પાસે કુબેરનગર અમદાવાદ નાને આજરોજ તા.૨૨/૧૧/૨૦૧૭ ના કલાક ૧૫/૩૦ વાગે કુબેરનગર જુની માયા સિનેમા પાસેથી પકડી પાડેલ છે.

પકડાયેલ કેદીએ તથા બીજા આરોપીઓએ સને ૨૦૦૪ માં જુના વાડજ ટેકરા ખાતે રહેતા મનુ બટકાનુ મર્ડર કરેલ જે અંગેનારણપુરા પોલીસસ્ટેશન ખાતે ફસ્ટ ગુ.ર.નં.૬૮૪/૨૦૦૪ ઇપીકોકલમ૩૦૨ મુજબનો ગુનો દાખલ થયેલ અને આ કેસ સને૨૦૦૭ માં નામદાર સેસન્સ કોર્ટમાં ચાલી જતા સદરીને આજીવન કેદની સજા થયેલ અને પકડાયેલ કેદી સાબરમતી મધ્યસ્થ જેલમાં સજા કાપી રહેલ હતો અને તા.૧૬.૧૨.૨૦૧૫ ના રોજ દિન-૧૫ ની ફર્લો રજા પર છુટેલ અને તા.૩૧.૧૨.૨૦૧૫ ના રોજ પરત જેલમાં હાજર થવાનુ હતુ પરતું હાજર થયેલ નહી અને રહેઠાણની જગ્યા બદલી નાસતો ફરતો હતો દરમ્યાન બાતમી આધારે પકડાઈ જતાં તેની વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરી સદરીને સાબરમતી મધ્યસ્થ જેલ હવાલે કરવા તજવીજ કરેલ છે.



<u>**સુરક્ષા સેતુ રથ:**</u>

શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ




નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.